પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૭૪ | ૨૫ મે, ૨૦૨૨, બુધવાર; વૈશાખ વદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# ખાંડની નિકાસ પર પ્રતિબંધની શક્યતા

## સ્થાનિક ભાવમાં વધારાને રોકવા માટે ભારત સરકાર છ વર્ષમાં પ્રથમ વખત ખાંડની નિકાસને પ્રતિબંધિત કરવા માટેની યોજના બનાવી રહી છે : એક મહિના પૂર્વે કેન્દ્ર સરકારે ઘઉંની નિકાસ પર પ્રતિંબધ લાદ્યો હતો

નવી દિલ્હી, તા.૨૪

ભારતમાં ઘઉંના પુરવઠાની અછતની આશંકા વચ્ચે સરકારે મે મહિનાની શરૂઆતમાં મોદી સરકારે ઘઉંની નિકાસ પર પ્રતિબંધ લાદ્યો હતો. હવે સરકાર વધતા ભાવને કાબૂમાં કરવા માટે ખાંડ માટે પણ આ જ નીતિ લાગુ કરી શકે છે.

રશિયા-યુક્રેન યુદ્ધને કારણે વૈશ્વિક બજારમાં મળતા ઉંચા ભાવનો ફાયદો મેળવવા દેશમાંથી વેપારી-ડીલરો-ઉત્પાદકો મોટા પ્રમાણમાં ઘઉંનો નિકાસ કરી રહ્યાં હતા અને સ્થાનિક સ્તરે મસમોટી અછતની આશંકાએ નિકાસ પર પ્રતિબંધ લાદ્યા બાદ હવે ખાંડ પર પણ નિકાસ પ્રતિબંધ લાદવામાં આવી શકે છે. એજન્સીના અહેવાલ અનુસાર સ્થાનિક



ભાવમાં વધારાને રોકવા માટે ભારત સરકાર છ વર્ષમાં પ્રથમ વખત ખાંડની નિકાસને પ્રતિબંધિત કરવાની યોજના બનાવી રહી છે.

તાજેતરના અહેવાલ અનુસાર આ સિઝનમાં ખાંડની નિકાસ ૧ કરોડ ટન સુધી પહોંચી શકે છે. ભારત વિશ્વનો સૌથી મોટો ખાંડ ઉત્પાદક અને બ્રાઝિલ પછી બીજો સૌથી મોટો નિકાસકાર છે.

જોકે શ્રી રેણુકા સુગર્સના ટોચના અધિકારીએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે આજ સુધીમાં માત્ર ૭૨ લાખ ટન ખાંડની નિકાસ કરવામાં આવી છે અને એકવાર વરસાદની મોસમ શરૂ થઈ જશે તો નિકાસમાં ઘટાડો સંભવિત છે. આમ ૧ કરોડ ટન ખાંડની નિકાસ હજુ દૂર છે.

યુક્રેન પર રશિયાના આક્રમણ બાદ ખાદ્યપદાર્થોની કિંમતો આસમાને પહોંચી ગઈ છે અને વિશ્વભરની સરકારોએ અમુક ચીજવસ્તુઓની સ્થાનિક કિંમતોને કાબૂમાં લેવા માટે કડક પગલાં લેવાનો નિર્ણય લીધો છે. મલેશિયા ૧ જૂનથી દર મહિને ૩૬ લાખ માંસાહારની નિકાસ અટકાવશે, ઈન્ડોનેશિયાએ તાજેતરમાં પામ તેલની નિકાસ પર અસ્થાયી રૂપે પ્રતિબંધ મૂક્યો છે જ્યારે ભારતે ઘઉંની નિકાસ પર પ્રતિબંધ મૂક્યો છે અને સર્બિયા અને કઝાકિસ્તાને અનાજની નિકાસ પર સ્ટોક લિમિટ ક્વોટા લાદ્યો છે. જોકે ઈન્ડોનેશિયાએ પણ ૨૮ એપ્રિલના પામ ઓઈલની નિકાસ અટકાવવાના નિર્ણયને આ સપ્તાહની શરૂઆતમાં ઉઠાવી લીધો હતો.

# ભ્રષ્ટાચારના મામલામાં પંજાબના આરોગ્યમંત્રી વિજય સિંગલા હટાવાયા

## પંજાબના મુખ્યમંત્રી ભગવંત માને આરોગ્યમંત્રીને પદ પરથી હટાવી દીધા : ગણતરીના કલાકોમાં જ આપના સિંગલાની ધરપકડ : તપાસમાં જાણવા મળ્યું છે કે સ્વાસ્થય મંત્રી અરજીઓ મંજૂર કરવા ૧%ના કમિશનની માગણી કરી રહ્યા હતા

અમૃતસર, તા.૨૪

પંજાબના મુખ્યમંત્રી ભગવંત માને રાજયના આરોગ્ય મંત્રી વિજય સિંગલાને પોતાના પદ પરથી હટાવી દીધા છે. ભ્રષ્ટાચારના આરોપોને કારણે વિજય સિંગલાને તેમના પદ પરથી હટાવી દેવામાં આવ્યા છે. જોકે, ગણતરીના કલાકોમાં જ આપના પૂર્વ સ્વાસ્થ્યમંત્રી સિંગલાની ધરપકડ કરવામાં આવી છે.



મુખ્યમંત્રીએ કહ્યું કે, હું મંત્રી સામે કડક કાર્યવાહી કરી રહ્યો છું. હું તેમને કેબિનેટમાંથી હટાવી રહ્યો છું, મુખ્યમંત્રીએ એક વીડિયો સંદેશમાં દાવો કર્યો હતો કે સિંગલાએ પોતે ખોટુ કામ કર્યું હતુ તે સ્વીકાર્યું હતુ.

વધુમાં કહ્યું કે, અમારી તપાસમાં જાણવા મળ્યું છે કે સ્વાસ્થય મંત્રી અરજીઓ મંજૂર કરવા ૧%ના કમિશનની માંગણી કરી રહ્યાં હતા.

આપ પાર્ટી અને ભગવંત માને ચૂંટણી પ્રચાર દરમિયાન રાજયમાંથી ભ્રષ્ટાચારને સંપૂર્ણપણે નાબૂદ કરવાનું વચન આપ્યું હતું. તે જ સમયે, હવે ભ્રષ્ટાચારના આરોપી મંત્રીને તેમના પદ પરથી હટાવી દેવામાં આવ્યા છે.તે જ સમયે, આપ પાર્ટીએ કહ્યું કે આમ આદમી પાર્ટીના કન્વીનર અરવિંદ કેજરીવાલના ભ્રષ્ટાચાર વિરોધી મોડલ અનુસાર મોટો નિર્ણય લેવામાં આવ્યો છે.

આપ સાંસદ રાઘવ ચઢ્ઢાએ કહ્યું કે, તેમની પાર્ટી એકમાત્ર એવી પાર્ટી છે જે ભ્રષ્ટાચારના આધાર પર પોતાના લોકો વિરુદ્ધ કાર્યવાહી કરવા માટે પ્રમાણિકતા, હિંમત અને પ્રામાણિકતા ધરાવે છે. અમે આવુ દિલ્હીમાં જોયું, હવે પંજાબમાં જોઈ રહ્યા છીએ.

# કૂતુબ મિનારમાં કોઈ પૂજાને કાયદાકીય મંજૂરી નહીં : કોર્ટ

## કૂતુબ મિનાર પરિસરમાં મંદિરોના જિર્ણોધ્ધાર મામલે પિટિશનની સુનાવણી : ૨૭ હિન્દુ અને જૈન મંદિરોના જિર્ણોધ્ધાર કરવાના મામલામાં થયેલી પિટિશન પર કોર્ટમાં સુનાવણી પૂરી થઈ, આ મામલે કોર્ટ ૯ જૂને ચુકાદો આપશે

નવી દિલ્હી, તા.૨૪

રાજધાની દિલ્હીમાં આવેલા કુતુબ મિનાર પરિસરમાં ૨૭ હિન્દુ અને જૈન મંદિરોના જિર્ણોધ્ધાર કરવાના મામલામાં થયેલી પિટિશન પર કોર્ટમાં સુનાવણી પૂરી થઈ ગઈ છે.આ મામલે કોર્ટ ૯ જૂને ચુકાદો આપશે. આ પહેલા આર્કિઓલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયાએ સોગંદનામુ કરીને કહ્યુ છે કે, કુતુબ મિનાર એક નિર્જિવ ઈમારત છે અને ત્યાં પૂજા પાઠ કરવા માટે કોઈને કાયદાકીય હક નથી.

મામલાની સુનાવણી દરમિયાન પિટિશન કરનારા વ્યક્તિએ કહ્યુ હતુ કે, જો એક વખત કોઈ જગ્યાએ ભગવાનની સ્થાપના થઈ છે તો ત્યાં કાયમ માટે ભગવાન રહેવાના છે. મંદિરને તોડી પાડવામાં આવ્યા બાદ પણ તેનુ ચરિત્ર બદલાશે નહીં. આજે પણ ત્યાં દેવી દેવતાઓના ચિત્રો જોઈ શકાય છે. અહીંયા પૂજા કરવાનો અધિકાર પણ મળવો જોઈએ.

કોર્ટમાં આજે સુનાવણી દરમિયાન આર્કિઓલોજીકલ સર્વે ઓફ ઈન્ડિયાના વકીલની દલીલો પણ કોર્ટે સાંભળી હતી.

# ભારતે શ્રીલંકાને ૪૦૦૦૦ મેટ્રિક ટન પેટ્રોલ મોકલ્યું

## આર્થિક કટોકટીનો સામનો કરતા શ્રીલંકાને ભારત દ્વારા મદદ

નવી દિલ્હી, તા.૨૪

ઈતિહાસની સૌથી ભયંકર આર્થિક કટોકટીનો સામનો કરી



રહેલ શ્રીલંકા માટે ભારતે ફરી મદદનો હાથ લંબાવ્યો છે. શ્રીલંકાને જરૂરી ખાદ્યવસ્તુઓ બાદ ગત સપ્તાહે ઘઉં અને હવે પેટ્રોલ-ડીઝલની લ્હાણી ભારત સરકારે કરી છે.ભારતમાં મોંઘવારી ચરમસીમાએ છે. નરેન્દ્ર મોદીના નેજા હેઠળની બીજેપીની સરકારની રચના બાદના સર્વોચ્ચ સ્તરે પહોંચેલ મોંઘવારી દરને કાબૂમાં કરવા ૨૨મી મેના રોજ સરકારે પેટ્રોલ-ડીઝલ પરની એક્સાઈઝ ડ્યૂટી ઘટાડી હતી પરંતુ તેનાથી મોંઘવારીનો દર માત્ર ૦.૨૫% જ નીચે આવવાની સંભાવના છે. જોકે દેશની આ કપરી પરિસ્થિતિમાં પણ આપણે પાડોશી દેશ લંકાને એક બાદ એક મદદ કરી રહ્યાં છે.

ભારતે પોતાના પાડોશી ધર્મની ભૂમિકા ભજવતા પોતાના નાદારીના દ્વારે પહોંચેલ દેશ શ્રીલંકાને ખરાબ સમયમાં મદદ કરી છે. જો કે આ પહેલીવાર નથી જ્યારે ભારતે શ્રીલંકાને પેટ્રોલ મોકલીને મદદ કરી હોય. આ પહેલા ભારતે શ્રીલંકાને બે વખત પેટ્રોલ આપીને મદદ કરી હતી. સોમવારે ભારતે ફરી એકવાર શ્રીલંકાને ૪૦૦૦૦ મેટ્રિક ટન પેટ્રોલ મોકલ્યું છે. આ ઈંધણનો જથ્થો આજે શ્રીલંકાની રાજધાની કોલંબો પહોંચશે.

અગાઉ, ભારતે શ્રીલંકાની ડૂબતી અર્થવ્યવસ્થાને ફરી પાટે ચઢાવવા માટે એક અબજ યુએસ ડોલરની લોનની પણ જાહેરાત કરી હતી.

# જ્ઞાનવાપી મસ્જિદના ભોંયરામાં ખજાનો છૂપાયેલો હોવાનો દાવો

## કાશી વિશ્વનાથ મંદિરના મહંતનો દાવો : આ જગ્યા ઐશ્વર્ય મંડપ તરીકે ઓળખાય છે, આ પહેલા તેમણે મસ્જિદમાં એક શિવલિંગ હોવાનો દાવો કર્યો હતો

નવી દિલ્હી, તા.૨૪

કાશીની જ્ઞાનવાપી મસ્જિદ દેશભરમાં ચર્ચાનો વિષય બની છે. હવે કાશી વિશ્વનાથ મંદિરના મહંતે દાવો કર્યો છે કે, મસ્જિદના ભોંયરામાં ખજાનો છુપાયેલો છે.



ન્યૂઝ ચેનલ સાથેની વાતીચીતમાં મંદિરના મહંત કુલપતિ તિવારીએ કહ્યુ હતુ કે, જ્ઞાનવાપીની પૂર્વ દિશામાં બનેલા ભોંયરામાં ખજાનો છુપાયેલો છે.આ જગ્યા ઐશ્વર્ય મંડપ તરીકે ઓળખાય છે.

મહંતે સ્કંદ પુરાણના શ્લોકો થકી પોતાની વાતને સાબિત કરવાનો પ્રયત્ન કર્યો હતો. તેમણે કહ્યુ હતુ કે, લોકો જેને ભોંયરુ કહે છે તેની નીચે ખજાનો પણ છે.

આ પહેલા તેમણે જ્ઞાનવાપી મસ્જિદમાં એક શિવલિંગ હોવાનો દાવો પણ કર્યો હતો.

ઉલ્લેખનીય છે કે, જ્ઞાનવાપી મસ્જિદના કરવામાં આવેલા સર્વે બાદ વજૂખાનામાંથી શિવલિંગ મળી આવ્યુ હોવાનો દાવો થઈ રહ્યો છે.

આ મામલો કોર્ટમાં છે અને આગામી દિવસોમાં અદાલત ચુકાદો આપે તેવી શક્યતા છે.

# ભારત સાથે મિત્રતા નિભાવવા યુએસ પ્રતિબદ્ધ : જો બાઈડન

## ક્વાડની બેઠકમાં મોદીની બાઈડન સાથે મુલાકાત : ભારત અને અમેરિકા વચ્ચેની ભાગીદારી સાચા અર્થમાં એક બીજાના વિશ્વાસની ભાગીદારી છે : જો બાઈડન



ટોક્યો, તા.૨૪

જાપાનમાં ક્વાડની બેઠક દરમિયાન પીએમ મોદી અને અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડન વચ્ચે પણ મુલાકાત થઈ હતી.

આ મુલાકાત દરમિયાન બાઈડને કહ્યુ હતુ કે, ભારત અને અમેરિકા વચ્ચેની ભાગીદારી સાચા અર્થમાં એક બીજાના વિશ્વાસની ભાગીદારી છે. બંને દેશના એક સમાન હિતો અને મૂલ્યોના કારણે આ વિશ્વાસનુ બંધન વધારે મજબૂત થયુ છે. તેમણે કહ્યુ હતુ કે, મને ખુશી છે કે, અમે યુએસ ડેવલપમેન્ટ ફાઈનાન્સ કોર્પોરેશન માટે ભારતમાં કામ ચાલુ રાખવા, વેક્સીન પ્રોડક્શન માટે, કલીન એનર્જી માટેના કરાર કરી ચુકયા છે. ભારત અને અમેરિકા ભેગા થઈને ઘણુ બધુ કરી શકે છે. અમે ભારત સાથે મળીને દુનિયાની અત્યાર સુધીની સૌથી શ્રેષ્ઠ મિત્રતા કરવા માટે કટિબધ્ધ છે.

બાઈડને પીએમ મોદી સામે રશિયા અને યુક્રેન યુધ્ધનો મુદ્દો પણ ઉઠાવ્યો હતો. તેમણે કહ્યુ હતુ કે, યુક્રેન પર રશિયાના અન્યાયી અને ક્રુર આક્રમણના કારણે સમગ્ર દુનિયાની ઈકોનોમી પર પડેલા પ્રભાવની ચર્ચા કરી છે.

પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

આપની આસપાસના

● પર્વો-પ્રસંગોની ઉજવણીના ખબર ●

● ઘટના-દુર્ઘટનાના સમાચાર - ફોટોગ્રાફ્સ ●

● શાળા-કોલેજમાં થતી ઉજવણી - પ્રવૃત્તિઓના સમાચાર ●

આપના પોતાના અખબારમાં પ્રસિદ્ધિ માટે તાત્કાલિક મોકલવા વિનંતી

અમને વોટ્સએપ અથવા ઈ-મેઈલ કરો

વોટ્સએપ નંબર : 8758512466

E-mail : gandhinagarsamachar@gmail.com

ગાંધીનગર સમાચાર

૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર.

ફોન : ૨૩૨ ૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧

નોંધ : જન્મદિવસનો ફોટોગ્રાફ અને વિગત અગાઉના દિવસે બે વાગ્યા પહેલા ફક્ત E-mail પર જ મોકલવા વિનંતી.

CHILDREN'S UNIVERSITY

(Established by Government of Gujarat)

Subhash Chandra Bose Shikshan Sankul, Near Chh-5

Children's University Circle, Sector-20, Gandhinagar-382021

(Gujarat) Phone: 079 232 44569 Website :www.cugujarat.ac.in

Azadi Ka Amrit Mahotsav

શિશુનિકેતન પ્રવેશ જાહેરાત ૦૨/૨૦૨૨

ચિલ્ડ્રન યુનિવર્સિટી બાળવિકાસના ક્ષેત્રે કાર્યરત એવી વિશ્વની એકમાત્ર અને અજોડ યુનિવર્સિટી છે. પોતાનું બાળક શ્રેષ્ઠ બને એવી ઈચ્છા પ્રત્યેક માતાપિતાને હોય એ સ્વાભાવિક છે. નાનપણથી જ બાળકનું શ્રેષ્ઠ ઘડતર થાય અને એ ઉત્તમ મનુષ્ય બને એવા દૂરગામી લક્ષ્ય સાથે ચિલ્ડ્રન્સ યુનિવર્સીટીએ જુન-૨૦૨૧થી શિશુનિકેતનની શરૂઆત કરી છે, જેમાં બાળકને પ્રવૃત્તિઓ દ્વારા ગુણવિકાસ અને સર્વાંગી વિકાસની સુંદર વ્યવસ્થા છે.

નીચે મુજબના ત્રણ વર્ગોમાં જુન-૨૦૨૨થી પ્રવેશ

| | |
|---|---|
| શીશુ-૧ (દિવ્ય) | ત્રણ વર્ષ પૂર્ણ હોય તે બાળક પ્રવેશપાત્ર |
| શીશુ-૨ (નવ્ય) | ચાર વર્ષ પૂર્ણ હોય તે બાળક પ્રવેશપાત્ર |
| શીશુ-૩ (ભવ્ય) | પાંચ વર્ષ પૂર્ણ હોય તે બાળક પ્રવેશપાત્ર |


- પ્રવેશપત્ર તારીખ ૨૫/૫/૨૦૨૨ થી ૬/૬/૨૦૨૨ સુધી ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમાંથી મેળવી સંપૂર્ણ વિગતો ભરીને જમા કરાવવાનું રહેશે. (સમય: - સવારે ૧૧.૦૦ થી ૫.૦૦:
- પ્રવેશને લગતી વધુ વિગતો માટે સંપર્ક કરો. દિવ્યાબેન રાવળ મો. ૭૯૮૪૧૩૦૯૪૫ (સમય : સવારે ૧૧.૦૦ થી ૫.૦૦

સ્થળ : ગાંધીનગર
તારીખ : ૨૫/૫/૨૦૨૨
માહિતી/૪૩૩/૨૨-૨૩

ડો. અશોક એન. પ્રજાપતિ
રજીસ્ટ્રાર (I/C)
ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર

ચહેરો-વાસ્તુ જોઈને ભવિષ્ય જાણનાર શ્રી સુર્યભાણ મહારાજ

બધાને પોતાનું ભવિષ્ય જાણવાની ઉત્કંઠા હોય છે. જન્મ પત્રિકા અને ગ્રહદશા પરથી ભવિષ્ય કથન કરનારા આપણે પરિચીત છે પણ મસ્તકની રેખાઓ જોઈને ભવિષ્ય બતાવવામાં ફેમસ છે. મહારાષ્ટ્રના બીડ જીલ્લાના અષ્ટી તાલુકાનાં કડા કારખાના ખાતે રહેતા સુર્યભાણ મહારાજ ચહેરા પરથી ભવિષ્ય કહેવા જાણીતા છે. તેમની સામે જોઈને આપણે વિચાર કરતા થઈ જઈએ કે માત્ર ચહેરો જોઈને આ વ્યક્તિ ભવિષ્ય કઈ રીતે કહેશે ?



આપણો વિચાર દ્વારા આગળ વધે એ પહેલા તો સૂર્યભાણ મહારાજ પોતાની માહિતી જણાવે છે કે પારંપરિક ચહેરા જોઈને ભવિષ્ય કહેવા લાગ્યા છે. દૈવિત્ય શક્તિ, તંત્રમંત્ર, નરબલિ, એ અંધશ્રદ્ધા હે. ૫૫ વર્ષથી ભવિષ્ય જાણકાર છે. જમીન, લગ્ન, વ્યાપાર, ધંધા, સંતાન અને વાસ્તુશાસ્ત્ર સેલીબ્રીટી, સ્પોટર્સમેનોનું ભવિષ્ય દ્વારા સાચું કહીને તેમની રાજનીતિ સચોટ માહિતી ફેડ રિડીંગ શક્તિ દ્વારા ભારત બહાર પણ જાણીતા છે

ભૂતપૂર્વ વડા દેવગૌડા, લાલકૃષ્ણ અડવાણી, અભિનેતા જીતેન્દ્ર, ગોવિંદા, સની દેઓલ, રાજકુમાર, પ્રમોદ મહાજન, ગોપીનાથ મુંડે, અમિતાભ બચ્ચન, બાલાસાહેબ ઠાકરે, રાજ ઠાકરે વિશે તેમણે કરેલી આગાહી સાચી પડી હતી. સચીન તેંડુલકરનું ભવિષ્ય બતાવેલ છે. એવી આગાહી સાચી પડી છે. સુર્યભાણ મહારાજ જણાવ્યા મુજબ કેન્દ્રમાં ૨૦૨૪માં પણ વડાપ્રધાન બનશે. મોદીની જ સરકાર બનશે. સૂર્યભાણ મહારાજનો સને ૨૦૨૨-૨૩માં ભારે વર્ષોની સંભાવના છે એવી સૂર્યભાણ મહારાજની આગાહી છે. રાજકીય ક્ષેત્રમાં બદલાવ થશે.

(મરાઠી, હિન્દી, વાત કરી શકો)

૯૭૬૭૭૨૬૫૫૫, ૯૧૪૬૫૭૫૮૫૮